# રેલવે સર્વિસ ઓફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર્સ

ભારતીય રેલવે સેવાના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગના અધિકારીઓ, ભારતીય રેલવેની ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ સંસ્થાના સંચાલન માટે જવાબદાર છે. તેમાં તકનીકી અને બિન-તકનીકી વિભાગો આવેલા છે. ટેકનિકલ વિભાગોમાં સિવિલ, ઈલેક્ટ્રીકલ અને મિકેનિકલ એન્જિનિયરીંગ, સિગ્નલિંગ અને ટેલિકોમ તેમજ આ પ્રકારની કામગીરી સાથે સંકળાયેલ અન્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે. યાતાયાત સેવાઓ દ્વારા કામગીરી અને સંચાલનનું નિયંત્રણ કરવામાં આવે છે. બિન-તકનીકી વિભાગોમાં સામાન્ય સેવાઓ જેમ કે એકાઉન્ટ્સ, કર્મચારી વ્યવસ્થાપન, રેલવે સુરક્ષા બળ (આર.પી.એફ.) અથવા સુરક્ષા વગેરેનો સમાવેશ થાય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે વિજ્ઞાનમાં રૂચિ ધરાવો છો
- તમે ગણિતમાં સારી પક્કડ ધરાવો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.



## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, કોમર્સ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંબંધિત વિષમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા આયોજિત ભારતીય રેલવે વ્યવસ્થાપન સેવા પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહીં આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

વર્ગ-એ કેન્દ્રીય નાગરિક સેવા અધિકારીનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત: https://upsconline.nic.in/daf/daf2_csm_2022/eGazette_CSM_Engl.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે, સરકારી એજન્સીઓ અને મંત્રાલયના વિભાગો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું બની શકે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મદદનીશ વિદ્યુત ઈજનેર → વિભાગીય વિદ્યુત ઈજનેર → નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર/ વરિષ્ઠ વિભાગીય વિદ્યુત ઈજનેર → મુખ્ય ઈલેક્ટ્રીકલ જનરલ ઈજનેર/ લોકો ઈજનેર → ટ્રેક્શન ઈજનેર → વિતરણ ઈજનેર → મુખ્ય વિદ્યુત ઈજનેર → વધારાના સભ્ય વિદ્યુત અને જનરલ મેનેજર → સભ્ય વિદ્યુત

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરીંગ વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.ટી., ગાંધીનગર
૨. આઈ.આઈ.ટી., મદ્રાસ
૩. આઈ.આઈ.ટી., દિલ્હી
૪. આઈ.આઈ.ટી., મુંબઈ
૫. આઈ.આઈ.ટી., ખડગપુર
૬. આઈ.આઈ.ટી., કાનપુર
૭. સરકારી પોલિટેકનિક, મુંબઈ (ડિપ્લોમા)
૮. સરકારી પોલિટેકનિક, પુણે (ડિપ્લોમા)
૯. નિટ્ટે મીનાક્ષી ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, બેંગલુરૂ (ડિપ્લોમા)
૧૦. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, પિલાની
૩. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૪. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર
૫. બિરલા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, મેસરા
૬. મણિપાલ યુનિવર્સિટી, જયપુર
૭. પ્રેસિડેન્સી યુનિવર્સિટી, બેંગલુરૂ
૮. સત્યભામા ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઈ
૯. એમિટી યુનિવર્સિટી, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવતા ઓનલાઈન અભ્યાસક્રમો પણ કરી શકો છો, જેમ કે એનાલોગ આઈ.સી. ડિઝાઈન, ડિજિટલ આઈ.સી. ડિઝાઈન, લીનિયર ડાયનેમિકલ સિસ્ટમ્સ અને પાવર મેનેજમેન્ટ વગેરે.
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એફ.એસ.એસ.એ.આઈ. રીક્રુટમેન્ટ,
એફ.એસ.એસ.એ.આઈ. વેકન્સિસ, ફૂડ સેફ્ટિ ઓફિસર

## સાફલ્ય ગાથા

**યતેન્દ્ર કુમાર** હાલમાં નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વેના એડિશનલ જનરલ મેનેજર (એ.જી.એમ.) છે. તેઓ ૧૯૮૮ની ભારતીય રેલ્વે સર્વિસ ઓફ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર બેચના છે અને ૧૯૯૦માં રેલ્વેમાં જોડાયા હતા. શ્રી કુમારે દયાલબાગ એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ, આગ્રામાંથી ઈલેક્ટ્રીકલ ઈજનેરીમાં સ્નાતક કર્યું હતું.*

સ્રોત:https://morungexpress.com/yatendra-kumar-takes-charge-as-agm-of-nf-railway

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

***એન.પી.ટી.ઈ.એલ.**-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે અને તેનો હેતુ તમામ લોકો માટે શિક્ષણને સુલભ બનાવવાનો છે.